## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મારી મમ્મીને ગુલકંદ બહુ ભાવે એટલે આ રોઝડે એ બધા ફ્રેન્ડને સવારે જ , હાય... મેસેજ કરી દીધો...!!

# રાયસણ બિઝનેસ પાર્ક ખાતે નોનવેજની દુકાન માલિકે હોબાળો કર્યો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર-કોબા માર્ગ પર રાયસણ સ્થિત બિઝનેસ પાર્ક ખાતે ગતરાત્રીએ હોબાળો થયો હતો. જેમાં નોનવેજ દુકાન માલિક અને અન્ય દુકાનમાં કામ કરતા કારીગરો વચ્ચે હોહા થઈ ગઈ હતી. ત્યારે બનાવ અંગે જાણ થતા ઈન્ફોસીટી પોલીસ આવી પહોંચી હતી. ત્યારે હોટલ માલિક ખુદ નશામાં હોવાનું સામે આવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાયસણ બિઝનેસ પાર્ક ખાતે નોનવેજની હોટલ ચલાવતા જીતેસ દાસ (સેકટર-૮) ખાતે રહે છે. ગતરોજ કેટલાક યુવાનો ગાંજાનો નશો કરતા હોવાની આશંકા રાખીને જીતેશ દાસ યુવાનો પાસે ગયા હતા. યુવકોને ગાંજો પીવો છો તેવી કડક પુછતાછ કરી હતી. જેથી ગભરાઈ ગયેલા યુવાનો અહી એક દુકાનમાં જતા રહ્યા હતા અને અંદરથી શટર બંધ કરી દીધુ હતું. તેમની પાછળ નોનવેજ દુકાન માલિક પણ ગયા હતા. યુવકોને શટર ખોલવાનું કહેતા સમયે અંદરથી અચાનક ધુમાડા નીકળતા આસપાસના અન્ય નાગરીકો પણ એકઠા થઈ ગયા હતા. જયારે યુવાનોએ રોટલી સળગાવી હતી. ત્યારબાદ માલુમ પડ્યું કે યુવાનો તે દુકાનમાં જ કામ કરી રહ્યા છે. જો કે હોબાળાને પગલે કોઈએ પોલીસને જાણ કરતા પોલીસ આવી પહોંચી હતી. ત્યારે જીતેશ દાસ દારૂના નશામાં હોવાનું સામે આવ્યું હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે પ્રોહીએકટ મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ આદરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્ય અને પ્રવાસન સચિવ વચ્ચે આજે રૂપાલના યાત્રાધામ તરીકેના વિકાસ અંગે પ્રાથમિક ચર્ચાઓ થઈ છે.
- ગાંધીનગર જિલ્લાના નવા પુરવઠા અધિકારીએ તેમના હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.
- જિલ્લા પંચાયતના પૂર્વ કર્મચારી અગ્રણી અને નિવૃત્ત તાલુકા વિકાસ અધિકારી જોશીને આજે જિલ્લા પંચાયત કચેરી પાસે સામાન્ય અકસ્માત નડ્યો હતો.
- કોરોનાનું સંક્રમણ ઘટતાં જ સ્વર્ણિમ સંકુલમાં આજે મુલાકાતીઓનો ધસારો જોવા મળ્યો હતો.
- ગાંધીનગર મ્યુનિ. કમિશનર ડૉ. ધવલ પટેલે આજે મોટેરા, સુઘડ, અમીયાપુરની ટી.પી. નં. ૪૬, ૪૭, ૪૮ માં તેમની ટીમ સાથે ફરી અને અભ્યાસ કર્યો હતો.
- ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના દેલવાડ ગામે એક ખેતરમાં પ્રથમ વખત પ્રાયોગિક ધોરણે નેનો યુરિયા ખાતરનો છંટકાવ ડ્રોનથી કરવામાં આવ્યો હતો.
- કલોલ તાલુકાના અલુવા હિલ્સમાં ઘરફોડી થતાં તેનો ભેદ એલ.સી.બી.ની ટીમે ઉકેલી કાઢ્યો છે.
- દહેગામ જેસીઝને જેસીઆઈ ઈન્ડિયાના ઝોન ૭ માં બેસ્ટ પ્રોજેક્ટ કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થતાં દહેગામ જેસીઝમાં આનંદ છવાયો છે.
- આગામી ૨૫મી ફેબ્રુઆરીએ યોજાનાર ગરીબ કલ્યાણ મેળા અંગેની જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા તૈયારીઓ આરંભાઈ છે.
- ગાંધીનગર જિલ્લામાંથી હવે ઠંડીએ વિદાય લીધી છે અને ઉનાળાનો આરંભ જ મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સે. થશે. હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ આગામી પાંચ દિવસ દરમ્યાન જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૨-૩૩ ડિગ્રી સે. જયારે લઘુત્તમ તાપમાન ૧૫ થી ૧૬ ડિગ્રી સે. રહેશે. પવનની સરેરાશ ગતિ ૯ થી ૧૨ કિ.મી. પ્રતિ કલાક રહેવાની સંભાવના છે.

# સિવિલના નર્સને રૂપીયાની લેવડ-દેવડમાં ત્રણ શખ્સોએ ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં હેડ નર્સ તરીકે ફરજ બજાવતા મહિલા કર્મચારી સાથે રૂપીયાની લેવડ-દેવડમાં હોહા કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા હેડ નર્સ દ્વારા સેકટર-૭ પોલીસ મથકે ત્રણ શખ્સો સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસના બ્લોક નં ૨૦-૩ છ ટાઈપ ખાતે રહેતા નયનાબેન જગદીશભાઈ ડોડીયાર છેલ્લા દશ વર્ષથી હેડ નર્સ તરીકે હોસ્પિટલમાં ફરજ બજાવે છે. થોડા સમય પહેલા નયનાબેને સ્ટાફના મહિલા કર્મચારીના બનેવી મહેન્દ્ર રાજપૂત પાસેથી રૂપીયા લીધા હતા. જેથી અગાઉ પણ રૂપીયાની લેવડ દેવડ મુદ્દે બોલાચાલી થઈ હતી. ત્યારે ગત તા.૧૩ ફેબુઆરીના રોજ આશરે બપોરે સવા ત્રણ વાગ્યાના અરસામાં ફરીયાદીના ઘરે માસીની દિકરી તેમજ નાની બહેન સહિત પરિવારના સભ્યો ઘરે હાજર હતા. તેઓ હિંચકામાં બેઠા હતા. તે દરમિયાન મહેન્દ્રસિંહ રાજપૂત, સિવિલનો સુપરવાઈઝર અને અન્ય એક શખ્સ તેમના ઘરે જઈને પૈસાની માંગણી કરતા હતા. ત્યારે મહેન્દ્ર કહેવા લાગ્યો કે તું અમારા રૂપીયા આપી દે.. નહીતર કયાંક થી કઢાવવાના હોય ત્યાંથી કઢાવી આપ નહી તો ગાંધીનગરમાં શાંતિથી રહેવા નહી દઉં. તેમ કહી ગાળાગાળી કરીને જાતિ વિષયક અપમાનિત કર્યા હતા. જેથી નયનાબેને ગાળો બોલાવાની ના પાડતા મહેન્દ્ર વધુ ઉશ્કેરાઈ જઈને કહેવા લાગ્યો કે હું રાજપૂત છું મારા પૈસા આપી દે નહીં તો તારા પરિવારના ટુકડા કરી જાનથી મારી નાંખીશ. કેમ્પસના રહેણાંક વિસ્તારમાં બપોરના સમયે હોબાળો થતા નયનાબેનના પરિવારના સભ્યો તેમજ આસપાસના વસાહતીઓ એકઠા થઈ જતા ત્રણેય શખ્સો નાસી ગયા હતા. બનાવ અંગે નયનાબેન ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરની ઓળખ અને શાન સમા બગીચાઓનું રીનોવેશન કરવામાં આવ્યુ છે. જો કે આ બગીચાઓની દેખરેખમાં હજુ ખુબ કચાશ જોવા મળે છે. બગીચાઓમાં અવાર-નવાર રખડતા ઢોરો ઘુસી જાય છે. રખડતા ઢોરો વૃક્ષો અને ઘાસને નુકશાન પહોંચાડે છે. બગીચાઓની દેખરેખ યોગ્ય રીતે થાય તે જરૂરી છે.



સેક્ટર-૬ના રોડ-રસ્તા અને ગટર ઉભરાવવાની સમસ્યાના અનેક પ્રશ્નો છે. આ પ્રશ્નોનો ઉકેલ લાવવા અનેકવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તેનો ઉકેલ ન આવતા સેક્ટર-૬ના વસાહતીઓ આ મામલે રજૂઆત કરવા મેયર સમક્ષ પહોંચ્યા હતા. પડતર પ્રશ્નો અંગે મેયરને રજૂઆત કરવામાં આવી હતી.

## ધી ચિલોડા સેવા સહકારી મંડળીના હોલમાં સહકારથી સમૃદ્ધિ અંગે ખેડૂતોનો સેમિનાર યોજાયો

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકાના ધી ચિલોડા સેવા સહકારી મંડળીના હોલમાં મંડળીના ચેરમેન રમણભાઈ કે. પટેલની સાનિધ્યમાં સહકારથી સમૃદ્ધિ દ્વારા ખેડૂતો માટે જ્ઞાન ગોષ્ઠિ સેમીનાર ઉદયભાણસિંહ ઈન્સ્ટિટ્યુટ ઓફ કો.ઓ. મેનેજમેન્ટ ગાંધીનગર રીજીયોનલના પ્રબંધક અસ્તાના સાહેબે સહકારથી સમૃદ્ધિના વિષય ઉપર ૩૦ થી ૩૫ પ્રગતિશીલ ખેડૂતોની જ્ઞાન ગોષ્ઠી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મંડળીના પૂર્વ ચેરમેન અને ગામના અગ્રણી જયમીનભાઈ પટેલ, મંત્રી જયંતિભાઈ જે. પટેલ સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. સહકારથી સમૃદ્ધ વિષય ઉપર માર્ગદર્શનરૂપે ખેડૂતોની આવક તથા સમૃદ્ધિ થાય તે હેતુથી એક કલાકનો સેમિનાર યોજાયો હતો.

# ભાટ ટોલટેક્ષ પાસે બાઈકચાલકે ઓવરટેક કરી ટક્કર મારતા એકટીવાચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૫

નાના ચિલોડા થી અપોલો સર્કલ તરફ જતા માર્ગ પર ભાટ ટોલટેક્ષ નજીક સીડી હોન્ડા બાઈક અને એકટીવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક ચાલકે એકટીવાની ઓવરટેક કરી ટક્કર મારતા બંન્ને નીચે પટકાયા હતા. બંન્ને ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાયા હતા. આ બનાવમાં એકટીવા ચાલકને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

વિજાપુરના ગુંછરી ગામના વતની અને હાલ નાના ચિલોડા સ્પર્શ રેસીડન્સી મકાન નં.૩૨ ખાતે રહેતા પિયુશ કુમાર રમેશભાઈ પટેલ પરિવાર સાથે રહે છે અને દરિયાપુર કાન્તમ કોર્પોરેશન નામની હાર્ડવેરની દુકાન ચલાવી વેપાર કરે છે. જયારે તેમના પરિવાર સાથે તેમનો ભત્રીજો અને તેની મમ્મી પણ રહે છે. જયારે પિયુશભાઈનો ભત્રીજો માનવ ગોતા સિલ્વર વોક કોલેજમાં બીબીએના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરે છે. જયારે કોલેજ આવન જાવન માટે માનવ એકટીવા નં.જી.જે.૧૮.ડી.કે.૪૮૬૨ નો ઉપયોગ કરે છે. જયારે ફરીયાદી સવારે ઘરે હતા તે સમયે તેમના ફોઈના ભાણા કેયુર કલ્પેશભાઈ પટેલએ ફોન કરી જણાવ્યું કે ભાટ ટોલટેક્ષ નજીક નાના ચિલોડાથી અપોલો સર્કલ તરફ જતા માર્ગ પર માનવ એકટીવા લઈને જતો હતો. તે સમયે સીડી હોન્ડા બાઈક નં. જી.જે.૦૧.સી.એચ.-૦૭૭૪ ના બાઈકના ચાલકે ઓવરટેક કરતા સમયે ટકકર મારતા બંન્ને વાહનો લઈને નીચે પડ્યા હતા. બંન્ને ઈજાગ્રસ્ત હોવાથી ૧૦૮માં તાત્કાલીક અપોલો હોસ્પિટલ સારવાર માટે લઈ ગયા હતા. જયાં એકટીવા ચાલકનું સારવાર દરમિયાન મૃત્યુ થયુ હતું. બનાવ અંગે પિયુશ રમેશભાઈ પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સગીરાને કૌટુંબિક કાકા ભગાડી જતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના એક ગામમાં રહેતી સગીરાને પ્રેમજાળમાં ફસાવી જારકર્મ કરવાના ઈરાદે અપહરણ કરીને કૌંટુબીક કાકા લઈ જતા સગીરાના દાદીએ પોલીસ ચોંપડે ફરીયાદ નોંધાવી છે. વૃધ્ધાના દિકરાની વહુનું દોઢ દાયકા થી પણ વધુ સમય પહેલા અવસાન થયું હતું. જેમને એક દિકરી હતી. ત્યારપછી દિકરાને બીજા લગ્નથી પણ બે સંતાન છે. ત્યારે એક વર્ષ અગાઉ કોરોનાના કારણે પુત્રનું અવસાન થતા તેના સંતાનોનો ઉછેર પણ વૃધ્ધા કરી રહી છે. ત્યારે સગીરા અચાનક ગત તા.૧૦ના રોજ બપોરના સમયે ઘરે થી ચાલી જતા આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી.પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો.જેથી શંકાના આધારે ગામમાં રહેતા કૌંટુબીક કાકાના ઘરે પણ તેમણે તપાસ કરી હતી. પરંતુ તે પણ ઘરેથી મળી આવ્યો ન હતો. જેઓ આજદિન સુધી પરત ન ફરતા વૃધ્ધાએ પોતાની પૌત્રીને તેનો કૌંટુબીક કાકો પ્રેમજાળમાં ફસાવી અપહરણ કરી લઈ ગયો હોવાની પોલીસ ફરીયાદ નોંધાવી છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે અંગ્રેજી સામાજિક વિજ્ઞાનના શિક્ષકોનું પ્રશિક્ષણ

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકોના સર્વાંગી વિકાસના શિક્ષણમાં નૂતન પ્રયોગો થકી ગુજરાતભરની વિવિધ શાળાઓને શૈક્ષણિક માર્ગદર્શન આપી રહી છે. યુનિવર્સિટીના વિદ્યાનિકેતન વિભાગ દ્વારા યુનિવર્સિટી સાથે જોડાયેલી ૬૮ શાળાઓના અંગ્રેજી અને સમાજિક વિજ્ઞાનના શિક્ષકો માટે તાજેતરમાં જ સંસ્કારધામ કેમ્પસ, બોપલ ખાતે પ્રશિક્ષણવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના કુલપતિ હર્ષદ પ્ર. શાહે ઉપસ્થિત રહી શિક્ષકોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે રાષ્ટ્રના વિકાસ માટે બાળકો અને શિક્ષકો પર ભાર મૂક્યો હતો. પ્રત્યેક બાળક શ્રેષ્ઠ ત્યારે જ હોઈ શકે કે જ્યારે શિક્ષક શ્રેષ્ઠ હોય. તેમણે સૌ શિક્ષકોને 'શ્રેષ્ઠ બાળક : શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સમજાવી પ્રેરણાત્મક વ્યાખ્યાન આપ્યું હતું. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ. અશોક પ્રજાપતિ દ્વારા સૌ શિક્ષકોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. બંને દિવસના ઉપરોક્ત પ્રશિક્ષણ વર્ગમાં યુનિવર્સિટીના તજજ્ઞ પ્રોફેસરોએ "Importance of LSRW (listening, speaking, reading, writing) in English Language" , "Impor-tance of Functional English in contem-porary school education", "How to become a five star teacher?", "Interactive way of Learning English: a learner's perspective", ઈતિહાસ અને ભૂગોળનું રસપ્રદ શિક્ષણ, "ICT in Education", શીખવા-શીખવવાની સર્જનાત્મક પદ્ધતિ', ''સામાજિક વિજ્ઞાન વિષયમાં એક આદર્શ શિક્ષક'' જેવા વિષયો પર વક્તવ્ય આપી સૌ શિક્ષકોને પ્રશિક્ષિત કર્યા હતા. પ્રશિક્ષણવર્ગમાં આવેલા સૌ શિક્ષક મિત્રોએ વિદ્યાનિકેતન તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી સાથે જોડાયેલા હોવા અંગે ગૌરવ અનુભવતા હોવાનું જણાવ્યું હતું. પ્રશિક્ષણવર્ગનું આયોજન સ્કૂલ ઑફ ઈનોવેટિવ એજ્યુકેશન અંતર્ગત વિદ્યાનિકેતન વિભાગ દ્વારા ડૉ. રાકેશ પટેલ અને ડૉ. કુણાલ પંચાલના માર્ગદર્શનમાં યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં કાર્યરત આસિ. પ્રોફેસરોના સહયોગથી વિદ્યા-નિકેતનની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુજરાત યુથ કોન્કલેવ ખાતે કોફી ટેબલ બુક રાજયમંત્રી હર્ષ સંઘવીએ લોન્ચ કરી

ગાંધીનગર, તા.૧૫

યુનિસેફની રચનાના ૭૫ વર્ષ પૂરા કરવા માટે યુનિસેફ-ભારતની તમામ કચેરીઓમાં કોફી ટેબલ બુક એકમાત્ર પ્રકાશન છે.





એ નોંધવું મહત્વપૂર્ણ છે કે જ્યારે યુનિસેફ તેની રચનાના ૭૫ વર્ષની ઉજવણી કરે છે, ત્યારે ભારત પણ તેની સ્વતંત્રતાના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. કાર્યક્રમ દરમિયાન રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ ગૃહ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી હર્ષ સંઘવી દ્વારા ગુજરાતના ૭૫ યુવા ચેન્જમેકર્સને હાઈલાઈટ કરતી સેલિબ્રેટિંગ ચાઈલ્ડ રાઈટ ચેમ્પિયન્સ નામની કોફી ટેબલ બુકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ઉદઘાટન સમારોહમાં હર્ષ સંઘવી ઉપરાંત યુનિસેફના ગુજરાતના ચીફ પ્રસન્નતા દાસ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત અને રાજસ્થાન માટે બ્રિટિશ ડેપ્યુટી હાઈ કમિશનર પીટર કૂક, જનરેશન અનલિમિટેડના ચીફ અને યુનિસેફના યુથ ડેવલપમેન્ટ એન્ડ પાર્ટનરશીપના ધુવારખા શ્રીરામ, કોમ્યુનિકેશન સ્પેશિયાલિસ્ટ મોઈરા દાવા, એલીક્સિર ફાઉન્ડેશનના સ્થાપક મધીશ પરીખ વગેરેની આ કાર્યક્રમમાં પેનલ ચર્ચા પણ જોવા મળી હતી. તેમના ઉદ્‌ઘાટન સંબોધન દરમિયાન મંત્રીએ યુવાનોને ગુજરાતમાં યુવા નીતિની રચનામાં સક્રિયપણે ભાગ લેવા, યોગદાન આપવા અને સૂચનો આપવા વિનંતી કરી હતી. રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોના મહત્વ પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે, 'રાજ્ય સરકાર રાષ્ટ્ર નિર્માણ માટે યુવાનોના સર્વાંગી વિકાસને સુનિશ્ચિત કરવા પ્રતિબદ્ધ છે. અને તે સુનિશ્ચિત કરવા માટે કે તેઓ માદક દ્રવ્યોના દુરુપયોગ અને માદક દ્રવ્યો દ્વારા વિચલિત ન થાય, પોલીસ અધિકારીઓ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને રોકવા માટે તેમના અંગૂઠા પર છે. સરકાર દ્વારા ૧૬૦૦ કરોડથી વધુની કિંમતની દવાઓ જપ્ત કરવામાં આવી છે અને તેનો નાશ કરવામાં આવ્યો છે.' તાજેતરમાં લૉંચ કરવામાં આવેલી આઈટી પોલિસી વિશે વાત કરતાં તેમણે કહ્યું કે 'રાજ્ય સરકાર આગામી પાંચ વર્ષમાં ૧ લાખ નોકરીઓ પેદા કરવાનું લક્ષ્ય ધરાવે છે. રોગચાળાને કારણે સોશિયલ મીડિયા દ્વારા સંચાલિત વિશ્વમાં, તેમણે બાળકો, કિશોરો અને યુવાનોને સાવચેતીપૂર્વક તેનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી.' કોન્કલેવ દરમિયાન યુવાનો દ્વારા બિનપરંપરાગત કારકિર્દીની પસંદગીઓને હાઈલાઈટ કરતો ડોએર્સ હબ વીડિયો પણ લોન્ચ કરવામાં આવ્યો હતો.

# રાષ્ટ્રીય કક્ષાની '૨૯મી નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ-૨૦૨૧'નો પ્રારંભ

### ગુજરાત સાયન્સ સિટી ખાતેથી શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ પ્રારંભ કરાવ્યો : ચાર દિવસીય ઇવેન્ટમાં ૬૫૮ બાળ વિજ્ઞાનીઓ અને ખાડી દેશના ૧૬ વિદ્યાર્થીઓ ભાગ લેશે



ગાંધીનગર, તા.૧૫

રાજ્યના શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ રાષ્ટ્રીય કક્ષાની ચાર દિવસિય '૨૯મી નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ-૨૦૨૧'નો સાયન્સ સિટી ખાતેથી પ્રારંભ કરાવતા જણાવ્યું વડાપ્રધાનના ''આત્મ-નિર્ભર ભારત''ના સ્વપ્નને સાકાર કરવામાં સાયન્સ અને ટેક્નોલોજી ક્ષેત્રનું પણ મહત્વનું યોગદાન રહેવાનું છે. સાયન્સ અને ટેક્નોલોજી તેમજ સંશોધન ક્ષેત્રે યુવાનો ઉપર સમગ્ર દેશની આશાઓ- અપેક્ષાઓ છે અને ભારતના યુવાનો નવા સંશોધનો દ્વારા પ્રજા કલ્યાણમાં પોતાનું મહત્તમ પ્રદાન આપશે. રાજ્યની સરકારી શાળાઓમાં પણ વિજ્ઞાન ક્ષેત્રે જિજ્ઞાસા વૃત્તિ ધરાવતા બાળકોની સંખ્યા વધી છે.

૧૫થી ૧૮ ફેબ્રુઆરી દરમ્યાન વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા યોજાનારા આ ૪ દિવસીય રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસમાં ૬૫૮ બાળ વિજ્ઞાનીઓ તેમના સંશોધનો રજૂ કરશે, જેમાં ખાડી દેશના ૧૫ વિદ્યાર્થીઓ પણ ભાગ લઈ રહ્યા છે. એટલું જ નહીં, ૯૩ રાજ્યના સહયોજકો અને ૩૭૩ જિલ્લાના શૈક્ષણિક સહયોજકો સાથે ૫૦૦થી વધુ શિક્ષકો તથા રાષ્ટ્રીય સહલાકાર સમિતિના સભ્યો પણ સહભાગી થયા છે. આ અવસરે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ વિજય નેહરા, એનસીએસટીસીના એડવાઈઝર એન્ડ હેડ પ્રવિણ અરોરા, ડિરેક્ટર સુજીત બેનરજી વિજ્ઞાન અને ઔદ્યોગિક વિભાગના અધિક સચિવ ગાર્ગી જૈન, ગુજકોસ્ટના એડવાઈઝર નરોત્તમ સાહુ, જિલ્લા કોર્ડિનેટરો અને બાળ વિજ્ઞાનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હવે ૪૯૯ અને ૬૯૯માં સાયન્સ સિટીની મોજ માણવા મળશે

શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે, સાયન્સ સિટીના વિવિધ આકર્ષણોનો વાસ્તવિક દર રૂ. ૯૦૦ હતો તે દર જે હવે મંગળવાર થી શુક્રવાર દરમિયાન રૂ. ૪૯૯ કરી દેવામાં આવ્યો છે. અને શનિ-રવિ તથા જાહેર રજાના દિવસોમાં રૂ.૬૯૯ જેમાં મુખ્ય પ્રવેશ, એક્ટિવિટ ગેલેરી, ફાઈવ-ડી થિએટર, રોબોટિક્સ ગેલેરી, એક વીઆર રાઈડ, થ્રિલ રાઈડ, મિશન ટુ માર્સ રાઈડ, ફોર-ડી થિએટર, અર્થક્વેક એક્સ્પીરિયન્સ રાઈડ અને કોલ માઈનની મજા મુલાકાતીઓ લઈ શકશે એમ તેમણે ઉમેર્યું હતું.

**ગુજરાત જળ સંપતિ વિકાસ નિગમ લી.**
સેક્ટર-૧૦/એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**નોટીસ નંબર-૩૪ / ૨૦૨૧-૨૨**

કા.ઈ.(સી) યુનિટ-૨ (સુજલામ-સુફલામ), ૨જો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, માર્ગ નં.૨, જળશક્તિ માર્ગ, સેક્ટર નં.૮, ગાંધીનગર દ્વારા મહીસાગર જીલ્લામાં ઉદવહન સિંચાઈ યોજનાઓના સિવિલ કામ માટે તથા ૫ (પાંચ) વર્ષ માટે મરામત અને નિભાવણીના જુદા જુદા કામો માટેના ઓનલાઈન ટેન્ડરમાં ભાગ લેવા રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર / નોટીસ www.gwrdc.nprocure.com વેબસાઈટ ઉપરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકશે.

- કામોની અંદાજીત કિંમત રૂપિયા ૪૮.૧૯ લાખથી ૯૮.૩૬ લાખ સુધીનાં
- ટેન્ડર બીડ અપલોડ શરૂ કરવાની તા. ૧૫/૨/૨૦૨૨
- ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૨/૩/૨૦૨૨, ૧૮ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડ), તથા અન્ય ડોક્યુમેન્ટ રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટ મારફતે પહોંચાડવાની તારીક અને સમય : તા. ૩/૩/૨૦૨૨ થી તા. ૮/૩/૨૦૨૨, ૧૮.૦૦ કલાક સુધી
- ટેકનીકલ બીડ ખોલવાની તારીખ અને સમય : ૧૦/૩/૨૦૨૨, ૧૫.૦૦ કલાકે
- પ્રાઈઝ બીડ ખોલવાની તારીક અને સમય : તા. ૧૦/૩/૨૦૨૨, ૧૬.૦૦ કલાકે

વધુ વિગતો નિગમ / સરકારશ્રીની વેબસાઈટ www.gwrdc.gujarat.gov.in અથવા www.statetenders.gujarat.gov.in મારફતે જોઈ શકાશે. ફક્ત ઓનલાઈન ટેન્ડર સ્વીકારવામાં આવશે.

માહિતી/૩૧૫૧/૨૧-૨૨